## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા દ્વારા ૭૫માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરવામાં આવી.

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા દ્વારા ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. સંજોગ વસાત આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયાના વડા અને સંશોધન વૈજ્ઞાનિક ડૉ. જી. જે. પટેલ ઉપસ્થિત રહી શક્યાં ન હતા.

અત્રેના કેન્દ્રના ડૉ યશવંત બી. ચૌહાણ, તાલીમ સહાયકના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. તેમણે સ્વતંત્રતા પર્વ ઉજવણી કાર્યક્રમમાં સર્વેને દેશની પ્રગતિમાં મદદરૂપ બનવા આવ્હાન કરેલ તેમજ દેશના શહિદ વીરોને યાદ કરી તેમને નત-મસ્તક શ્રદ્ધાંજલી અર્પી, વૈશ્વિક મહામારી નોવેલ કોરોના-૧૯ વાયરસની સામે કેન્દ્ર અને રાજ્ય સરકાર તેમજ આરોગ્ય ખાતા તરફથી આપવામાં આવતી માર્ગદર્શિકાઓનુ પાલન કરી આ બિમારીને માત કરવામાં સફળતા મળે અને આપણે અવિરત રાષ્ટ્રની સેવા કરવામાં યોગદાન આપીએ તે મુજબ સંબોધન કરેલ. અત્રેના કેન્દ્રના કર્મચારીગણ, સિક્યુરીટી તેમજ ખેત મજુરો આ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહી સ્વતંત્રતા દિવસની એકબીજાને શુભેચ્છાઓ પાઠવી.







